ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા ૨૦.૦૨.૨૦૧૯

----------------

પુલવામામાં શહીદ થયેલ વીર જવાનોની શહીદી એળે નહિ જાય - શ્રી મનોજ સિંહા

----------------

ગુજરાતના મહાપુરુષોને ઉપેક્ષા કરવી એ કોંગ્રેસનો સ્વભાવ બની ગયો છે.

----------------

ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીનો વિરોધ કરવા માટે કોંગ્રેસ જાહેર જીવનની તમામ મર્યાદાઓ ઓળંગી ચુકી છે.

----------------

આવનારી લોકસભા ૨૦૧૯ની ચુંટણી રાજકીય પક્ષની વરણીની નહિ પરંતુ સમર્થ નેતાની વરણીની ચુંટણી છે.

----------------

ભાજપના શાસનમાં રેલવેના ક્ષેત્રમાં હજારો કરોડના કાર્યો થયા છે,
જેમાં ગાંધીનગર અને સુરત વર્લ્ડ ક્લાસ રેલ્વે સ્ટેશન બનવા જઈ રહ્યા છે

----------------

આવનાર ૩૧મી માર્ચ, ૨૦૧૯ સુધીમાં ગુજરાતમાંથી માનવરહીત રેલ્વે ક્રોસીંગ સદંતર નાબુદ થઇ જશે
- શ્રી મનોજ સિંહા

----------------

ભાજપા પ્રદેશ મીડિયા સેલની અખબારી યાદી જણાવે છે કે, આજરોજ કેન્દ્રીય રેલ રાજયમંત્રી તથા કેન્દ્રીય સંચાર મંત્રી (સ્વતંત્ર હવાલો), શ્રી મનોજ સિંહાએ ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યુ હતુ કે, પુલવામામાં શહીદ થયેલ વીર જવાનોની શહીદી એળે નહિ જાય. દેશની પ્રજાને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સક્ષમ નેતૃત્વમાં પૂર્ણ વિશ્વાસ છે. ભારતની રાજનીતિના ઈતિહાસમાં સૌથી ઝડપથી વિકાસ પામતું અર્થતંત્ર બનાવનાર વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી નિર્ણાયક સરકાર છે. જેમ અર્થ વ્યવસ્થા ઝડપી વધે તેમ લોકોની આકાંક્ષાઓ અને અપેક્ષાઓ સરકાર માટે વધતી જાય. પ્રજાની આ આશા અને આકાંક્ષાઓને સંતોષવાનું કાર્ય ભાજપાની સરકારે કર્યું છે. કેન્દ્રની શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે દરેક ક્ષેત્રમાં માળખાકીય સુવિધામાં વધારો તેમજ છેવાડાના માનવીની ચિંતા કરીને અનેક નક્કર કાર્યો કરીને સાચા અર્થમાં સૌનો સાથ, સૌનો વિકાસના સૂત્રને ચરિતાર્થ કર્યો છે.

કેન્દ્રીય રાજ્યમંત્રીશ્રી મનોજ સિન્હાએ કોંગ્રેસને આડેહાથ લેતા જણાવ્યું હતું કે, ગુજરાતના મહાપુરુષોની ઉપેક્ષા કરવી એ કોંગ્રેસનો સ્વભાવ બની ગયો છે. લોહ પુરુષશ્રી સરદાર વલ્લભભાઈ પટેલને ૪૨ વર્ષ સુધી ભારતરત્નથી વંચિત રાખવામાં આવ્યા. આજે ફરી ઈતિહાસનું પુનરાવર્તન થાય છે અને કોંગ્રેસ પોતાના સ્વભાવગત લક્ષણ પ્રમાણે ગુજરાતના પનોતા પૂત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીનો કોઈ પણ પ્રકારે વિરોધ કરવા માટે જાહેર જીવનની તમામ મર્યાદા ઓળંગી ચુકી છે. માત્રને માત્ર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિરોધ માટે

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



વિપક્ષો દ્વારા ગઠબંધનની રચના થઇ રહી છે. આ ગઠબંધન નેતા, નીતિ અને નિયતવિહોણું છે. આવનારી લોકસભા ૨૦૧૯ની ચુંટણી રાજકીય પક્ષના વરણીની નહિ પરંતુ નેતા વરણીની ચુંટણી છે.

શ્રી મનોજ સિન્હાએ છેલ્લા ૫ વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતમાં રેલ્વે સંદર્ભે જે નક્કર કાર્યો થયા છે તેની માહિતી આપતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં રેલ્વેક્ષેત્રે હજારો કરોડના નક્કર કાર્યો થયા છે અને પ્રગતિમાં છે. સને.૨૦૦૯ થી ૨૦૧૪ સુધી જ્યાં એકબાજુ કોંગ્રેસના શાસનમાં ૫૮૯ કરોડના કાર્યો થયા હતા, ત્યાં ૨૦૧૪ થી ૨૦૧૯ સુધી ભાજપાના શાસનમાં ૩૩૨૭ કરોડના કાર્યો થયા છે, જે ૪૬૫ ટકાનો અભૂતપૂર્વ વધારો દર્શાવે છે. કોંગ્રેસના ગત પાંચ વર્ષમાં નવી ૨૦ કિલોમીટરની લાઇનની જગ્યાએ ભાજપા શાસનમાં ૩૩ કિલોમીટરની નવી લાઇન, લાઇનોના ડબલીંગનું કામ, ૪૦ કિલોમીટરની વધારીને ૨૧૬ કિલોમીટર (૪૪૦ ટકા વધારો), પાંચ થી વધારીને ૧૦ રેલ્વે ઓવરબ્રીજોના નિર્માણ, રેલ્વે અંડરબ્રીજ ૭ થી વધારીને ૪૯ (૬૦૦ ટકા વધારો), રેલ્વે ઇલેક્ટ્રીફીકેશન ૨૪ થી વધારીને ૩૪ લાઇનો ઉપર કરીને તેના ૪૨ ટકાનો વધારો કરાયેલ છે.

ગાંધીનગર અને સુરત વર્લ્ડ ક્લાસ રેલ્વે સ્ટેશન બનવા જઇ રહ્યા છે. અમદાવાદ-મુંબઇ હાઇસ્પીડ રેલ્વે ટ્રેનનું કાર્ય સંતોષકારક રીતે થઇ રહ્યુ છે. વડોદરામાં નેશનલ રેલ ટ્રાન્સપોર્ટ યુનિવર્સિટી સ્થપાઇ ચૂકી છે. ટુંક સમયમાં ત્યાં પોસ્ટગ્રેજ્યુએશન કોર્સ શરૂ થવાના છે.

૮૨ નવી ટ્રેનો શરૂ કરાઇ છે. ૦૯ ટ્રેનો લંબાવાઇ છે. છેલ્લા પાંચ વર્ષમાં ૩૭૦૪ સ્પેશ્યલ ટ્રેનો ચલાવાઇ છે. આવનાર ૩૧મી માર્ચ, ૨૦૧૯ સુધીમાં ગુજરાતમાંથી માનવરહીત રેલ્વેક્રોસીંગ સદંતર નાબૂદ થઇ જશે.

કેન્દ્રીય રેલ રાજયમંત્રી તથા કેન્દ્રીય સંચાર મંત્રી (સ્વતંત્ર હવાલો), શ્રી મનોજ સિંહા સાણંદમાં ‘‘રવિરાજ ફોઇલ્સ’’ ફેક્ટરી ખાતે જી.આઇ.ડી.સી.નાં કામદારો, કારખાનેદારો તથા કાર્યકર્તાઓને ‘‘ભારત કે મન કી બાત - મોદીજી કે સાથ’’ કાર્યક્રમ અંતર્ગત મળ્યા હતા અને તેમની સાથે વાર્તાલાપ કર્યો હતો. ત્યારબાદ શ્રી સિંહાએ સાણંદ જી.આઇ.ડી.સી.નાં ઉદ્યોગ સાહસિકો સાથે મુલાકાત કરીને તેમના પણ સૂચનો મેળવ્યા હતા.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

**ભારતીય જનતા પાર્ટી**
**ગુજરાત પ્રદેશ**
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા ૨૦.૦૨.૨૦૧૯

----------------

**આજરોજ પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં તેમજ લોકસભા ચૂંટણી પ્રભારીશ્રી ઓમજી માથુર, સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયાની ઉપસ્થિતિમાં અમરેલી તથા ધોરાજી(રાજકોટ) ખાતે લોકસભા બેઠકોના ક્લસ્ટર સંમેલનો યોજાયા**

----------------

પ્રદેશ ભાજપા મીડિયા સેલની એક અખબારી યાદી જણાવે છે કે, આજરોજ પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની અધ્યક્ષતામાં અમરેલી તથા ધોરાજી(રાજકોટ) ખાતે લોકસભા બેઠકોના ક્લસ્ટર સંમેલનો યોજાયા હતા.

અમરેલી ખાતે યોજાયેલ ક્લસ્ટર સંમેલનમાં લોકસભા ચૂંટણી પ્રભારીશ્રી ઓમજી માથુરે જણાવ્યુ હતુ કે, આવનારી લોકસભા ચૂંટણીમાં ગુજરાતમાં ૨૬માંથી ૨૬ લોકસભા બેઠકો માત્ર જીતવાની નથી પરંતુ, વિજયના માર્જીનમાં અનેકગણો વધારો કરવાનો છે. ભાજપા એ કોઇ પરિવારની, કોઇ જાતિની કે કોઇ વ્યક્તિની પાર્ટીની નથી પરંતુ કાર્યકર્તાઓથી બનેલી પાર્ટી છે.

શ્રી પરશોત્તમભાઈ રૂપાલાજીએ જણાવ્યુ હતુ કે, ભાજપાના શાસનમાં ગામના સરપંચો સુધી બે લાખ કરોડ રૂપિયા સીધેસીધા પહોચાડવાનું કાર્ય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં શક્ય બન્યુ છે.

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, ''આયુષ્યમાન ભારત યોજના'' અને ''મા વાત્સલ્ય યોજના'' દ્વારા ભાજપાની કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારોએ રાજ્યની ૭૦ ટકા પ્રજાને આરોગ્યની સુવિધાઓથી સુરક્ષા કવચ પુરુ પાડ્યુ છે. ખેડુતોને એકપણ ટકો વ્યાજ ભરવુ ન પડે તે માટે રાજ્ય સરકારે ૫૦૦ કરોડનું રિવોલ્વીંગ ફંડ સુનિશ્ચિત કર્યુ છે.

આ ક્લસ્ટર સંમેલનોમાં લોકસભા ચૂંટણી પ્રભારીશ્રી ઓમજી માથુર તથા સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઇ દલસાણીયા તથા પ્રદેશ અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહી ઉપસ્થિત સૌને માર્ગદર્શન આપ્યુ હતુ.

આ ક્લસ્ટર સંમેલનોમાં લોકસભા મતવિસ્તારના લોકસભા સીટના પ્રભારી, ઈન્ચાર્જ-સહઈન્ચાર્જશ્રીઓ, લોકસભા સીટના વિસ્તારકો, સંકલન સમિતિના સભ્યશ્રીઓ, પ્રદેશ પદાધિકારીશ્રીઓ, પ્રદેશ કારોબારી સભ્યશ્રીઓ, મંડલ પદાધિકારી, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડેલા ઉમેદવારશ્રીઓ, પ્રદેશ અને જીલ્લા/મહાનગરના મોરચા પદાધિકારીશ્રીઓ, મંડલ મોરચાના પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, શક્તિકેન્દ્રના ઈન્ચાર્જ-પ્રભારીશ્રીઓ, બોર્ડ-નિગમના પદાધિકારીઓ તથા પૂર્વ સાંસદ-ધારાસભ્યશ્રીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહેશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ